ગાંધીનગર સમાચાર

દિવાળીના તહેવારમાં યુવાનોને ટેટુનો જબરદસ્ત ક્રેઝ



# કાળી ચૌદશ : તસ્કરો માટે મુહુર્તની રાત...!

## પોલીસે નાઈટ પેટ્રોલીંગ સઘન બનાવ્યું : જિલ્લા પોલીસ સતર્ક

ગાંધીનગર, તા.૧૦

આખું વર્ષ ચોરી, ઘરફોડ કે કિંમતી મુદ્દામાલની ઉઠાંતરી કરવામાં વિઘ્ન ન આવે તે માટે રીઢા ઘરફોડીયા-ચોરો અચુક કાળી ચૌદશે હાથ ફેરોકરે અને પોતાનું મુહુર્ત સાચવી લેતા હોય છે. આ બાબતને ધ્યાને રાખીને ગાંધીનગર જિલ્લામાં કયાંય ચોરો કળા ન કરી જાય તેની જિલ્લા પોલીસે ખાસ પેટ્રોલીંગ વ્યવસ્થા ગોઠવી છે. રાત્રે સઘન પેટ્રોલીંગ કરવા ઉપરાંત રાતભર સતર્ક રહેવા સુચના આપી દેવામાં આવી છે. જો કે દિવસે ત્રણ ઘરફોડ ચોરીના બનાવો બની જવા પામ્યા છે અને કેટલીક તસ્કર ટોળકીએ મુહુર્ત કરી લીધું છે..!

પોલીસે અગાઉ પકડેલા રીઢા ચોરોના ઈન્ટ્રોગેશન અને કાળી ચૌદશના અત્યાર સુધીના ઈતિહાસ પરથી ચોકકસપણે કહી શકાય કે કાળી ચૌદશનો દિવસ અને રાત તસ્કરો માટે મુહુર્ત સમાન છે. કાળી ચૌદશે નાની-મોટી ચોરી કરીને પણ તસ્કરો મુહુર્ત સાચવી લેતા હોય છે. જેને પગલે ગાંધીનગર જિલ્લા પોલીસ પણ તસ્કરો જિલ્લામાં કયાંય મુહુર્ત કરીને ચાલ્યા ન જાય તે માટે તકેદારીના ભાગરૂપે સતર્ક રહી સઘન નાઈટ પેટ્રોલીંગ કરશે જો કે દિવસ દરમિયાન સે-૭માં સળંગ ત્રણ બંધ મકાનોના તાળા તોડીને અંદરથી રૂ. ૩૦ હજારની રોકડ મુદ્દામાલની ઘરફોડ ચોરી કરી મુહુર્ત સાચવી લીધું હોવાનું જાણવા મળ્યું છે.

### સે-૭માં સળંગ ત્રણ મકાનોના તાળા તોડી તસ્કરએ મુહુર્ત સાચવી લીધુ

ગાંધીનગરના સે-૭-સી વિસ્તારમાં સવારે પોણા પાંચથી સાંજે ચાર વાગ્યા દરમિયાનમાં ત્રણ બંધ મકાનોના તાળા તોડીને અંદરથી રોકડ મુદ્દામાલની ઘરફોડ ચોરી કરી તસ્કર ટોળકીએ કાળીચૌદશનું તેમનું મુહુર્ત સાચવી લીધું છે. સે-૭-સી પ્લોટ નં. ૯૨૦/૨માં રહેતા નટવરલાલ દુર્લભભાઈ હળપદી, પ્લોટ નં. ૯૨૦/૧માં રહેતા વિજયભાઈ આર. પટેલ અને પ્લોટનં. ૯૨૧/૧માં રહેતા અરવિંદભાઈ પટેલ ત્રણેયના બંધ મકાનનું સવારે પોણા પાંચથી સાંજે ચાર વાગ્યાના અરસામાં તાળુ તોડીને અંદરથી રૂ. ૩૦ હજાર રોકડ મત્તાની ચોરી કરી તસ્કર ટોળકી ફરાર થઈ જવા પામી છે. સે-૭ પોલીસ મથકના પીએસઆઈ એસ.ડી. ચૌધરી નટવરલાલની ફરિયાદને આધારે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી ઉંડી તપાસ શરુ કરી છે.

## @ગાંધીનગર

● ધનલક્ષ્મી તથા શારદાપૂજનના શુભ મુહુર્તો

સ્વાતિ નક્ષત્ર ૧૩.૩૩ મિનિટ સુધી

**શુભ મુહુર્તો**

● સવારે ૬.૫૨ ક. થી ૯.૩૮ ક. સુધી ● સવારે ૧૧.૦૧ ક. થી વિજય મુહુર્ત સુધી ● બપોરે ૧૫.૧૦ ક.થી ૧૭.૫૬ ક. સુધી ● સાંજે ૧૯.૩૪ ક.થી ૨૪.૨૪ ક. સુધી ● રાત્રે ૨૭.૩૮ ક.થી ૨૯.૧૫ ક. સુધી

● કારતક સુદ-૧ ગુરુવાર તા. ૧૨-૧૧-૧૫ બેસતુંવર્ષ

● વિંછુડો સવારે ૯ થી ૧૨ કલાક ● સવારે ૬.૫૩ ક.થી ૮.૧૬ ક. સુધી

● નૂતનવર્ષાભિનંદન ૧૫.૪૧ મિનિટ સુધી

● કારતક સુદ-૨ને શુક્રવાર તા. ૧૩-૧૧-૧૫ ભાઈબીજ અનુરાધા નક્ષત્ર ૧૭.૦૦ થી ૨૫.૦૦ સુધી, રાજયોગ ૧૭.૦૦થી ૨૫.૦૦ સુધી, સવારે ૬.૫૪ થી ૧૧.૦૩ સુધી બપોરે વિજય મુર્હુત

● લાભપાંચમ : સુદ-૫ સોમવાર તા. ૧૬-૧૧-૧૫

જ્ઞાન પંચમી (જૈન), શ્રી પંચમી,તીર (પારસી) મહાલય સમાપ્તિ

પૂર્વાષાઢા નક્ષત્ર ૨૦.૦૮ સુધી - સવારે ૬.૫૬ ક.થી ૮.૧૮ સુધી - સવારે ૯.૪૦ ક.થી ૧૧.૦૨ સુધી, બપોરે વિજય મુહુર્ત

- નજાહખાનમ સૈયદ

## ડભોડીયા હનુમાનજીના દર્શનાર્થે ભાવિકોનું ઘોડાપુર

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લાના ડભોડા ગામે સુપ્રસિધ્ધ હનુમાન દાદાનું મંદિર આવેલું છે. જિલ્લા સહિત રાજયભરમાંથી લોકો મોટી સંખ્યામાં દર્શનાર્થે વર્ષ દરમિયાન આવતા હોય છે. ડભોડીયા દાદા આસપાસના લાખો લોકોના આસ્થાનું પ્રતિક છે. ત્યારે કાળી ચૌદશને નિમિત્તે ડભોડા ખાતે ભવ્ય લોકમેળો યોજાયો હતો. હનુમાન દાદાના મંદિરે યોજાયેલી ૧૦૮ દિવડાની મહાઆરતીમાં લાખો ભકતો હાજર રહ્યા હતા અને દર્શનનો લાભ લીધો હતો. મંદિર તરફથી બે લાખથી પણ વધુ ભકતોને ૨૫૦૦ કિલો બુંદીનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. કાળી ચૌદશના દિને દાદાના દર્શનનું અનેરું મહત્વ હોવાથી માનવ મહેરામણ ઉમટયો હતો. દાદાની માનતા રાખી હોય અને કાર્ય સફળ થયું હોય તેવા ભકતોએ તેલનો અભિષેક કર્યો હતો. ભકતો દ્વારા ૧૦૦૦થી વધુ તેલના ડબાનો અભિષેક કરાયો હતો. દાદાના મંદિરને સુંદર રોશનીથી સજાવતા આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. ડભોડીયા દાદાના દર્શને ભકતોનું ઘોડાપુર ઉમટયું હતું. ભકતોએ રાત્રી મેળાની મોજ માણી હનુમાનજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ભકતોને લઈ પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો.

## દિવાળીના તહેવારમાં યુવાનોને ટેટુનો જબરદસ્ત ક્રેઝ

ગાંધીનગર, તા.૧૦

દિપાવલીની નગરજનો દ્વારા પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવે છે પરંતુ આજની નવી યુવા પેઢી કંઈક હટકે દિપાવલીની ઉજવણી કરવામાં વ્યસ્ત બની છે. આ વર્ષે દિવાળીમાં યુવાનોમાં ટેટુનો જબરદસ્ત ક્રેઝ જોવા મળી રહ્યો છે. પહેલા નવરાત્રીમાં જ ટેટુ યુવક યુવતિઓ દોરાવતા હતા પરંતુ આ વર્ષે દિવાળીમાં ટેટુ ચીતરાવતા ટેટુની દુકાનોમાં ભારે ભીડ જોવા મળે છે. જુના જમાનાના છુંદણા અત્યારની ફેશનના ટેટુ બનતા વિદેશી યુવતિઓ પણ ટેટુ પાછળ ઘેલી બની અવનવા ટેટુ ચીતરાવતી નજરે પડે છે. ટેટુ પાછળ હજ્જારો રુપિયા યુવા પેઢી ખર્ચી નાખે છે.



દિવાળીમાં આજની યુવા પેઢીના યુવક યુવતિઓ હાથ-પગ, કમર, ગળાના ભાગે વિવિધ આકર્ષક ટેટુમાં નજરે પડે તો આશ્ચર્ય ન પામતા. આ દિવાળીમાં યુવાનોમાં ટેટુનો જબરદસ્ત ક્રેઝ જોવા મળ્યો છે. જેમાં યુવક યુવતિઓ કાયમી ટેટુ, કામચલાઉ ટેટુ, સ્ટીકર ટેટુ બનાવડાવે છે. જેમાં બટરફલાય, સ્ટાર કપલ ટેટુ, ફલેગ તેમજ પોતાના નામના એન્જલ સહિત ફેમીલીયર ક્રિએટીવ ડિઝાઈનના વિવિધ ટેટુ ચિતરાવે છે ત્યારે ઈન્ફોસીટી ખાતે કમીને પરીંદે ટેટુ નામની દુકાનના સંચાલક ભાર્ગવ જણાવે છે કે યુવાનોમાં ટેટુનો ક્રેઝ હતો પરંતુ આ વર્ષે દિવાળીમાં પહેલીવાર યુવાનોમાં આટલો ક્રેઝ જોઈ રહ્યો છું. અવનવા ટેટુ ચીતરાવવા માટે છેલ્લા ઘણા દિવસથી મારી દુકાને યુવાનોની ભીડ જોવા મળે છે. ટેટુ રૂ. ૫૦૦થી શરુ થાય છે અને હજ્જારો રૂપિયાના ટેટુ બને છે. આજની નવી પેઢી ટેટુ પાછળ ઘેલી હોય તેવું લાગી રહ્યું છે.

## વાતવાતમાં

● આજે નગરના બજારોમાં દિવાળી પૂરબહારમાં ખિલી હતી. નગરજનોએ છેલ્લી ઘડીની ખરીદી માટે કરેલા ધસારાથી વેપારીઓમાં થાક ભૂલીને બેવડી ઘરાકી અંકે કરવા હોડ જામી હતી.

● નગરના અનેક બેંકોના એટીએમ મશીનોમાં નાણાં ખૂટી પડતા ગ્રાહકો એક પછી બીજા એટીએમ તરફ દોડતા નજરે ચઢયા હતા. ઘણી જગ્યાએ એટીએમ મશીન 'હેંગ' થઈ જવાના કિસ્સા પણ બન્યા હતા.

● દિવાળીની રજાઓમાં બહારગામન જવાના આયોજનો હોઈ નગરજનોએ પોતાના સરસામાન તૈયાર કરવા માંડયા હતા. દિવાળી ઉજવવા ગામડે જતા નગરજનો બપોર પછી પ્રસ્થાન કરવા લાગતા નગરની બહાર તરફ જતા માર્ગોએ ટ્રાફીકમાં વધારો જણાયો હતો.

● છેક છેલ્લી ઘડીએ પણ 'વહેવાર' સાચવી લેવા આજે સચિવાલયો તથા અન્ય સરકારી કાર્યાલયોમાં ભારે અવરજવર જોવા મળી હતી હવે દિવાળીના દિવસથી નગરમાં સૂનકાર વ્યાપવા લાગશે.

● ગાંધીનગર સમાચાર પરિવારના તમામ સભ્યો વતી તમામ વાચકોને દિપાવલી પર્વની શુભેચ્છાઓ સાથે નૂતન વર્ષના અભિનંદન પાઠવવામાં આવે છે. ગત વર્ષ જેવો આપનો ઉષ્માભર્યો ઉમળકો સદૈવ અમને પ્રાપ્ત થતો રહેશે તેવી અપેક્ષા સાથે પરમ કૃપાળુ પરમાત્મા આપવા જીવનમાં નિરંતર પ્રગતિ, સુખાકારી, આરોગ્ય અને ઉલ્લાસના મંગલદિપ પ્રગટાવતા રહે તેવી અભ્યર્થના.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

## ખોરજ કેનાલમાં આપઘાત કરવા પહોંચેલી પરિણીતાને પોલીસે બચાવી લીધી

ગાંધીનગર, તા.૧૦

મહેસાણાના એક ગામની પરિણીતા ઘર કંકાશથી કંટાળીને ખોરજ નર્મદા કેનાલ પહોંચી ગઈ હતી અને આપઘાત કરવા કેનાલની સીડીઓ ઉતરી રહી હતી ત્યાં અચાનક પેટ્રોલીંગમાં નિકળેલી પીસીઆર વાનના બે કોન્સ્ટેબલનું ધ્યાન કેનાલમાં પડવા જતી પરિણીતા પર પડયું અને સમયસુચકતા દાખવીને બંને કોન્સ્ટેબલે પરિણીતાને બચાવી લઈ પોલીસ સ્ટેશન લઈ જઈને કાઉન્સીલર મારફતે કાઉન્સીલીંગ કરાવ્યું હતું. બે કોન્સ્ટેબલની સમય સુચકતાથી જ કોઈની પત્નિ તો બે સંતાનોની માતાનો જીવ બચી જવા પામ્યો છે.



મળતી માહિતી મુજબ આજે બપોરના અરસામાં અડાલજ પોલીસ મથકની પીસીઆર ૧૯૮ લઈને બે કોન્સ્ટેબલ રામસિંગજી ચૌહાણ અને મનુભાઈ ચૌધરી પેટ્રોલીંગમાં નીકળ્યા હતા. ખોરજ કેનાલ પાસેથી બંને પસાર થઈ રહ્યા હતા ત્યાં અચાનક મનુભાઈ ચૌધરીનું ધ્યાન કેનાલની સીડીઓ ઉતરી રહેલી એક મહિલા પર પડયું હતું. તાત્કાલીક પીસીઆર વાનને બ્રેક મારીને બંને મહિલા પાસે પહોંચ્યા...! જો કે મહિલા એક જ રટ લગાવીને બેઠી હતી કે મારે જીવવું નથી... મહિલાનું નામઠામ પુછીને કેમ આપઘાત કરવો છે તે પ્રશ્નો કરી પોલીસે મહિલાને વાતમાં ઉલઝાવી રાખી ને બીજી તરફ મહિલા પોલીસ પણ બોલાવી લીધી હતી. મહેસાણાની આ મહિલા બે સંતાનની માતા હોવાનું અને ઘર કંકાશથી કંટાળીને આપઘાત કરવા આવી હોવાનું તે જણાવી રહી હતી. મહિલા પોલીસ આવતા આપઘાત કરવા આવેલી પરીણીતાને સમજાવીને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવી અને ભોજન કરાવીને મનનો ઉભરો બહાર આવવા દીધો હતો. ત્યારબાદ કાઉન્સલીંગ કરીને આગળની કાર્યવાહી કરવામાં આવી હતી. પીસીઆરમાં નીકળેલા બે કોન્સ્ટેબલની સમયસુચકતાથી એક મહિલાની જીંદગી બચવા પામી છે. પોલીસ કોન્સ્ટેબલની આ કામગીરીને જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંગ યાદવે પણ બિરદાવી છે.

**મહેસાણાની પરિણીતા ઘરકંકાશથી કંટાળીને કેનાલની સીડીઓ ઉતરી રહી હતી ત્યાં પીસીઆર વાનમાં નીકળેલા બે કોન્સ્ટેબલનું ધ્યાન પડયુ : સમય સુચકતા દાખવીને પરિણીતાને બચાવી કાઉન્સલીંગ કરાયું**

## ઉમા ભવન ખાતે સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગો યોજાશે

ગાંધીનગર, તા.૧૦

ઉમિયા કેરીયર એકેડમી દ્વારા જીપીએસસી, ગૌણસેવા, પંચાયત પસંદગી બોર્ડ દ્વારા લેવામાં આવતી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગો આગામી તા. ૧-૧૨-૧૫થી શરૂ થશે. તલાટી, કલાર્ક, નાયબ મામલતદાર, ડીવાયએસઓ, પીએસઆઈ, એકાઉન્ટન્ટની નિયમિત બેચનો સમય બપોરે ૨ થી ૪ અને સાંજે ૭થી ૯નો રહેશે. આ તમામ કોર્ષનો સમયગાળો ૪ મહિનાનો રહેશે. આ અંગેના ફોર્મ ઉમાસમાજ ભવન કાર્યાલય સે-૧૨ ગાંધીનગર ખાતેથી તાલીમાર્થીઓએ મેળવી લેવાના રહેશે. જનરલ કેટેગરીના તમામ ભાઈ-બહેનો આ તાલીમ વર્ગોનો લાભ લઈ શકે છે તેમજ વિષય ફેકલ્ટીની નિમણુંક કરવાની હોવાથી બાયોડેટા/અનુભવ સાથે તા. ૨૫-૧૧-૧૫ના રોજ સાંજે ૭.૦૦ કલાકે રુબરુ હાજર રહેવા જણાવાયું છે.

## ગુલાબચંદ પટેલને સાહિત્ય શિરોમણિની માનદ ઉપાધિ

અખિલ ભારતીય હિન્દી સેવા સંસ્થાન અલ્હાબાદ દ્વારા તા. ૧૧-૧૦-૨૦૧૫ના રોજ નિરાલા સભાગૃહમાં યોજાયેલ કાર્યક્રમમાં અધ્યક્ષશ્રી રાજુકમાર શર્મા દ્વારા ગાંધીનગરના સે-૧૪માં નિવાસ કરતા મોટરાના વતની નિવૃત્ત ઓફીસ સુપ્રિટેન્ડેન્ટ હિન્દી-ગુજરાતી કવિ/લેખક/ વ્યસન મુકિત અભિયાન પ્રણેતાને હિન્દી સાહિત્ય શિરોમણિની માનદ્ ઉપાધિથી નવાજવામાં આવ્યા છે.



અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી ગુલાબચંદના હિન્દી ગુજરાતી કાવ્યસંગ્રહ હરિકૃપા તેમજ મૌત કા મુકાબલા હિન્દુ પુસ્તકો પ્રકાશિત છે. જડ બેરી ઔર અન્ય કહાનિયાં અનુવાદિત છે. 'પ્રતિજ્ઞા' વ્યસન મુકિત અને તાજેતરમાં તેઓને સાહિત્ય મંડળ નાથદ્વારા ખાતે 'હિન્દી ભાષા ભૂષણ'ની માનદ્ ઉપાધિથી એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## 'ઘ' માર્ગ ઉપર કાર-બાઈક વચ્ચે અકસ્માત

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના 'ઘ' માર્ગ પર આજે બપોરના સુમારે કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. બાઈક પર સવાર બે યુવાનોનો આબાદ બચાવ થયો હતો. જયારે બાઈક અને કારને નુકશાન થવા પામ્યું હતું. તહેવારના સમયે મુખ્ય 'ઘ' માર્ગ પર અકસ્માત થતાં વાહનો લઈને પસાર થતાં વાહનચાલકો તેમજ આસપાસમાંથી મોટી સંખ્યામાં લોકો આવી પહોંચ્યા હતા.

શહેરમાં ચકાચક માર્ગો હોવાથી વાહનચાલકો બેફામ ગતિએ વાહનો હંકારે છે. શહેરીજન ખુલ્લેઆમ



ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરે છે. ટ્રાફિક પોલિસ દ્વારા ટ્રાફિકના નિયમો અંગેના વર્કશોપનું આયોજન નગરજનો માટે કરવામાં આવે છે. પરંતુ નગરજનોને કોઈ અસર થતી નથી. વાહનચાલકો શહેરના ચકાચક માર્ગો પર બેફામ ગતિએ વાહનો હંકારતા અવારનવાર માર્ગ અકસ્માતના બનાવો બનવા પામે છે ત્યારે આજે બપોરના સુમારે ઘ-૪થી ઘ-૫ તરફ જઈ રહેલી વર્ના કાર નં. જીજે-૧૮-બી.એ. ૨૩૭૯ની વચ્ચે ઘ-૪ાા પાસે ઘ-૫ થી ઘ-૪ાા તરફ વળાંક લઈ રહેલ બાઈક નં. જીજે-૧૮ એલ. ૮૬૭૧ બાઈક આવી જતા અકસ્માત સર્જાયો હતો. મુખ્ય માર્ગ પર અકસ્માત સર્જાતા લોકોના ટોળે ટોળા એકઠા થયા હતા. જો કે સદનસીબે બાઈક પર સવાર બંને યુવાનોનો આબાદ બચાવ થયો હતો. જોકે બાઈક અને કારને નુકશાન પહોંચ્યું હતું. ઉલ્લેખનીય છે કે તહેવારના સમયે મુખ્ય માર્ગ પર અકસ્માત સર્જાતા લોકો એકઠા થતા ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.

## કૈલાસ માનસરોવર સેવા સમિતિના સભ્યોએ રાહેલબા વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૦

કૈલાસ માનસરોવર સેવા સમિતિ દ્વારા ગત ૮ નવેમ્બરના રોજ રાહેલબા વૃદ્ધાશ્રમ મગોડી ખાતે મુલાકાત લેવામાં આવી હતી. આ સમિતિના સભ્યો દ્વારા વૃધ્ધોને વોશેબલ ચોવીસ ગાદલા અને ઓશીકા આપવામાં આવ્યા હતા તેમજ સમુહ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં સંસ્થાના સભ્યોએ જાતે વૃદ્ધોને ભોજન પીરસવાનો લાભ લીધો હતો. આ તમામ સેવાકીય પ્રવૃત્તિઓમાં સમિતિના દરેક સભ્યોએ તન, મન, ધનથી સેવામાં સહકાર આપ્યો હતો તેમ સમિતિના પ્રમુખ કૃષ્ણકુમાર રાણાએ જણાવ્યું હતું.

# દિવાળીની રજાઓના પગલે બેંકોમાં ભારે ધસારો

## સવારથી ગ્રાહકોની ભારે ભીડ : એટીએમ મશીનોમાં 'કેશ' ખૂટી પડી : રૂ. ૧, ૫, ૧૦ અને ૫૦ની નવી નોટોના બંડલ માટે લાઈનો લાગી : નાની-મોટી તકરારના દ્રશ્યો

ગાંધીનગર, તા.૧૦

દિપાવલી પર્વના પગલે ગાંધીનગરની બેંકોની તમામ શાખાઓમાં સવારથી જ ભારે ભીડ જોવા મળી હતી. આગામી દિવસોમાં તહેવારોની સળંગ રજાઓના કારણે બેંકો બે દિવસ બંધ રહેવાની હોવાથી નગરજનોએ તેમના નાણાંકીય વ્યવહારો પૂરા કરવા માટે ખુબ ધસારો કર્યો હતો. નગરના એટીએમ મશીનોમાં આજે કેશ ખુટી પડી હતી તેમજ બેંકોના કાઉન્ટર પર પણ નવી નોટોના બંડલ લેવા માટે પણ પડાપડી જોવા મળી હતી. દિવસ દરમિયાન બેંકોમાં કરોડોના આર્થિક વ્યવહારો થવા પામ્યા હતાં.

સવારે બેંકો શરૂ થવાના સમય અગાઉથી જ આજે ગ્રાહકોએ ભીડ જમાવી હતી. દરેકને પોતાના નાણાંકીય વ્યવહારો ઝડપથી પતાવી તહેવારોની ઉજવણીના બાકીના પડતર કાર્યો કરવાની ઉતાવળ હોઈ સૌ કોઈ અધીરા જણાયા હતા. વહેલી સવારથી એટીએમ કેન્દ્રો પર નાણાં ઉપાડવા ગ્રાહકોની અવરજવર સતત ચાલુ રહી હતી જેના પગલે ૧૧ વાગ્યા સુધીમાં તો અનેક એટીએમમ મશીનો 'નો કેશ'ના સંદેશા ડિસ્પ્લે કરવા લાગ્યા હતા. તહેવારોની રજાઓમાં બહારગામ ફરવા જવાના કાર્યક્રમ, પરીવાર સાથે મનોરંજન માણવાના કાર્યક્રમો તથા દિવાળી નિમિત્તે વિવિધ



વહેવાર કરવા પડતા હોઈ તે અંગે દરેક વ્યકિત નાણાં હાથવગા રાખવાનું મુનાસિબ માને છે હવે સળંગ બે દિવસ બેંકો બંધ રહેવાની હોઈ આ બધા વ્યવહાર માટે તથા બહારગામમાં એટીએમ કેન્દ્ર શોધવાની મુશ્કેલીથી બચવા ગ્રાહકોએ બેંકોની શાખાઓ તથા એટીએમ કેન્દ્રો પર ભીડ જમાવી હતી.

દિવાળીના તહેવારોમાં વડીલો દ્વારા આશીર્વાદ રૂપે રોકડ નાણાની ભેટ આપવામાં આવે છે. આ ભેટમાં અપાતા નાણાંની નોટો નવી નકકોર હોય તેવો ખાસ આગ્રહ રાખવામાં આવે છે. આ કારણે દિવાળીના તહેવારે 'કોરી નોટો'ની માંગ ખુબ વધુ રહેતી હોય છે. આ પ્રકારના સામાજિક રિવાજને માન આપીને રીઝર્વ બેંક દ્વારા પણ દિવાળીના તહેવારે ખાસ નવી નોટોના બંડલ ઈશ્યુ કરવામાં આવે છે અને તે દરેક ગ્રાહકો સુધી પહોંચે તેની તકેદારી પણ લેવામાં આવે છે. ગાંધીનગરની બધી બેંકોની તમામ શાખાઓમાં આજે રૂ. ૧, ૫, ૧૦, ૨૦, ૫૦ અને ૧૦૦ની કોરી નોટોના બંડલની માંગ ખુબ મોટા પ્રમાણમાં રહી હતી. કેટલીક શાખાઓમાં રૂ. ૧, ૫ અને ૧૦ની નોટો ખૂટી પડતા નાની મોટી તકરારના દ્રશ્યો પણ જોવા મળ્યા હતા. દિવસભર ભારે કામના કારણે બેંક કર્મચારીઓ થાકીને લોથપોથ થઈ જવા પામ્યા હતા.

**(તસવીર : કશ્યપ નિમાવત)**

## શહેરકક્ષાની વૈદિક ગણિત પરીક્ષામાં તસવીર પટેલ પ્રથમ સ્થાને ઉત્તીર્ણ



ગાંધીનગર, તા. ૧૦

શ્રી વી એમ પટેલ કુમાર શાળામાં સિનિયર કેજીમાં અભ્યાસ કરતા તસવીર પટેલે જીનીયસ ક્લાસિસ દ્વારા આયોજિત શહેર કક્ષાની વૈદિક ગણિત પરીક્ષામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. શાળા પરિવાર તરફથી તસવીરને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## ચિરવિદાય

- સ્વ. પંડયા નિકુંજ સુરેશકુમાર, ઉ.વ. ૩૮
- સ્વ. દરજી મણીબેન મફતભાઈ, ઉ.વ. ૮૮
- સ્વ. પુષ્પાબેન અવિનાશ રાવલ, ઉ.વ. ૭૧
- સ્વ. પટેલ હિરાબેન બબાભાઈ, ઉ.વ. ૮૦